ગાંધીનગર શહેર અતિ શિક્ષિત કહેવાય અને છતાંય તેના જાહેર હોર્ડિંગ્સમાં જોડણીની ભૂલો થાય તો ભૂલ કોની...? ચ-૦ પાસે મૂકેલા આ સાઈનબોર્ડમાં કેટલી ગંભીર ભૂલ છે એ કોઈએ ક્યારેય જોઈ નહીં હોય કે પછી ચાલશે... એમાં શું...? એમ વિચાર આવ્યો હશે...!! (તસવીર : કશ્યપ નિમાવત)

ઉવારસદ ઈંટોના ભઠ્ઠામાં કામ કરતો શ્રમિક ટ્રેન નીચે ચગદાઈ ગયો

અમદાવાદથી ગાંધીનગર તરફ જતી ટ્રેકની અડફેટે ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામમાં ઈંટોના ભઠ્ઠા પર કામ કરતો એક શ્રમિક કુદરતી હાજતે જવા નીકળ્યો હતો. ઉવારસદ પાસેથી પસાર થતી રેલવે ટ્રેક ઓળંગી રહ્યો હતો ત્યારે સડસડાટ આવતી ટ્રેનની અડફેટે આવી જતા મુળ છત્તીસગઢના વતની શ્રમિક યુવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.

મુળ છત્તીસગઢ વિસ્તારનો વતની અને હાલ ગાંધીનગરના ઉવારસદ ગામે ઈંટોના એક ભઠ્ઠા ઉપર મજુરી કામ કરતો ૩૦ વર્ષીય યુવાન રમેશ ઉધારીલાલ સતનામ ૧૦મી નવેમ્બરે મોડી સાંજે કામ પતાવીને કુદરતી હાજતે જવા નીકળ્યો હતો. રેલવે ટ્રેક ક્રોસ કરવા ગયો તે સમયે અમદાવાદ થી ગાંધીનગર તરફ જઈ રહેલી ટ્રેન નીચે આવી જતા શ્રમિક યુવાનનું ઘટના સ્થળે જ ચગદાઈ જવાથી કમકમાટીભર્યું મોત નિપજયું હતું. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. મૃતકના વાલીવારસની શોધખોળ ચાલી રહી હતી જે બીજા દિવસે મળી આવ્યા હતાં.

પંચર પડેલા ટ્રેલર પાછળ બીજું ટ્રેલર અથડાતા જેક ચઢાવવા ઘુસેલા કલીનરનું મોત

રાજકોટથી રીક્ષાઓ ભરીને ટ્રેલર ઝાંસી લઈ જવાઈ રહ્યું હતું ત્યારે છાલા પાસે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૨

રાજકોટથી રીક્ષાઓ ભરીને મોટું ટ્રેલર ઝાંસી તરફ લઈ જવાઈ રહ્યું હતું ત્યારે હિંમતનર-ગાંધીનગર નેશનલ હાઈવે પર છાલા ગામની સીમ પાસે ટ્રેલરને પંચર પડતા કલીનર જેક ચઢાવવા ટ્રેલર નીચે ઘુસ્યો હતો. પાછળથી ધસમસતા આવતા બીજા ટ્રેલરે ટકકર મારતા જેક છટકી ગયો હતો અને ભારે ટ્રેલર કલનીર પર પડતા તેનું મૃત્યુ નિપજયું હતું.ચિલોડા પોલીસે આ સંદર્ભે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

સી.એન.જી. રીક્ષાઓ ને રાજકોટ ખાતેથી ટ્રેલરમાં ચઢાવીને ઝાંસી લઈ જવામાં આવી રહી હતી. આજે બપોરે આ ટ્રેલર નેશનલ હાઈવે નં. ૮ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે છાલા નજીક હાઈવે પર ટ્રેલરનું આગળનું ટાયર પંકચર થઈ ગયું હતું. ટ્રેલર હાઈવે પર સાઈડમાં કરીને ડ્રાઈવર ટાયર ખોલવા માંડયો હતો અને કલીનર ટ્રેલર નીચે ઘુસીને જેક ચઢાવી રહ્યો હતો તે દરમિયાન પાછળથી આવી રહેલા બીજા ટ્રેલરે પંચર પડેલા ટ્રેલરને ટકકર મારતા જેક છટકી ગયો હતો અને વજનદાર ટ્રેલર કલીનર ઉપર આવી જતા કલીનરનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. મુળ બિહારનો વતની ૨૧ વર્ષીય કલીનર ચંદનકુમાર બચુસિંગ યાદવને ટ્રેલર નીચેથી કાઢીને હોસ્પિટલ પણ લઈ જવાયો હતો પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતાં સન્નાટો મચી જવા પામ્યો હતો. ચિલોડા પોલીસે ગુનો નોંધીને ઘટનાની ઊંડી તપાસ શરુ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ઉછીના રૂપિયા આપવાની ના પાડતા યુવાને ચપ્પુ મારી દીધુ

રાંધેજામાં બનેલી ઘટના : હાથની કોણી અને પગના સાથળે ઈજાઓ થતા યુવાન હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં ગઈ સાંજે એક યુવાને ગામના જ યુવાન પાસે રૂ. ૨૦ હજાર હાથ ઉછીના માંગ્યા હતા. રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈને તેણે ગાળાગાળી કરીને હાથે અને પગે ચપ્પા વડે હુમલો કર્યો હતો. ઘાયલ યુવાન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પેથાપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

રાંધેજા ગામના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા ચીન્ટુભાઈ ભીખાભાઈ દંતાણી પાસે રાંધેજાનો જ યુવાન જગદીશ કાંતિ રાવળ રૂ. ૨૦ હજાર ઉછીના લેવા ગયો હતો. ચીન્ટુભાઈએ રૂપિયા ઉછીના આપવાની સ્પષ્ટ નાં પાડી દેતા જગદીશ અકળાઈ ઉઠયો હતો અને ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરી ચીન્ટુ પર ચપ્પાથી હુમલો કરી દીધો હતો. ડાબા હાથની કોણીએ અને પગની સાથળે ઈજાઓ થતા લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ચીન્ટુભાઈની ફરિયાદ મુજબ જગદીશ સામે પેથાપુર પીએસઆઈ એસ.જે. વાઘેલાએ ગુનો નોંધી તપાસ આરંભી છે.

ગાંધીનગરમાં ટ્રાફિક ઝૂંબેશ યથાવત : ૭૬૨નો દંડ

૬૬૧ વાહનચાલકો હેલ્મેટ પહેર્યા વગરના પકડાયા : ૧૨ બાઈક ડીટેઈન : ૪૩ હજારનો દંડ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે ટ્રાફિક ઝુંબેશ અંતર્ગત આજે સતત બીજા દિવસે પણ ઘ-૦ સર્કલ નજીક ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનાર વાહન ચાલકોને દંડ કરી રૂ. ૪૩ હજારનો દંડ વસૂલ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે છેલ્લા બે દિવસથી વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા માટે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ઝુંબેશના પ્રથમ દિવસે રૂ. ૩૨ હજારનો દંડ વાહનચાલકો પાસેથી વસૂલ કર્યો હતો. જયારે ટ્રાફિક પોલીસે આજે બીજા દિવસે પણ ટ્રાફિક ઝુંબેશ ચાલુ રાખી હતી.

ઘ-૦ સર્કલ નજીક ત્રણ કલાક સુધી કાર્યવાહી કરી હતી. ટ્રાફિક પોલીસે સવારે ૯.૩૦ કલાકે ૩૦ જેટલા ટ્રાફિક જવાનો સાથે રાખી કાર્યવાહી કરતા હેલમેટ વગર વાહન ચલાવતા ૬૬૧, સીટબેલ્ટ વગર વાહન ચલાવતા ૬૪, કાળી ફિલ્મ પટ્ટી વાળી ૨૫ ગાડી તેમજ લાયસન્સ અને અન્ય જરુરી પુરાવા ન ધરાવતા ૧૨ બાઈકોને ડીટેઈન કર્યા હતા. જયારે અન્ય બે વાહન ચાલક મળી કુલ ૭૬૨ પાવતીઓ વાહન ચાલકોને આપી હતી અને અઢી કલાકમાં જ કુલ રૂ. ૪૨,૯૫૦નો દંડ વસૂલ કર્યો હતો. સતત બે દિવસથી ટ્રાફિક ઝુંબેશને લઈ વાહન ચાલકોમાં ભારે ફફડાટ વર્તાઈ રહ્યો છે.

વીજ દર વધારાના મામલે હવે જર્કમાં આગામી ૩૦મીએ સુનાવણી

સુનાવણી ટાળવા મહામંડળે અરજી પણ કરી હતી

ગાંધીનગર, તા.૧૨

વીજ દર વધારા અંગે આજે જર્કમાં સુનાવણીની પ્રકીયા હાથ ધરવામાં આવનાર હતી પરંતુ આ મામલે જર્ક દ્વારા આગામી તા. ૩૦ નવેમ્બરના રોજ સુનાવણી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. શહેર વસાહત મહામંડળ દ્વારા અપીલનો પ્રતિઉત્તર ન મળતા સુનાવણી હાલના તબક્કે કેન્સલ રાખવા પણ અરજી કરવામાં આવી હતી.

ટોરેન્ટ પાવર દ્વારા સુરતમાં ગેસનો પ્લાન્ટ નાંખવા રૂ. ૨૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે આ ખર્ચની ભરપાઈ માટે ગાંધીનગર અને અમદાવાદના વીજગ્રાહકો પાસેથી યુનિટ દીઠ રૂ. ૫૦ પૈસાનો વધારો કરવાની પેરવી ટોરેન્ટ પાવરે અપનાવી છે. આ મામલે શહેર વસાહત મહામંડળે જર્કમાં અપીલ કરી હતી. જયારે મહામંડળની અપીલનો પ્રતિઉત્તર આપ્યા વગર જ વીજ વધારા અંગે ૧૨ નવેમ્બરના રોજ સુનાવણી ગોઠવી દેવાઈ હોવાનો આકોશ મહામંડળના પ્રમુખે વ્યકત કર્યો હતો. જયારે સુનાવણીની પ્રકીયા કેન્સલ રાખવા મહામંડળ કક્ષાએથી અપીલ કરવામાં આવી હતી. બીજી તરફ આજે જર્ક દ્વારા સમગ્ર મામલાની સુનાવણી આગામી તા. ૩૦ નવેમ્બરના રોજ રાખવાનો આદેશ કરાયો છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખે વધુમાં જણાવ્યા મુજબ જર્કની ઓફિસ અમદાવાદની ગીફટ સીટીમાં ખસેડવામાં આવી છે. જેને અમદાવાદ અગર ગાંધીનગરમાં જ કાર્યરત રાખવી જોઈએ જેથી અરજદારોને કોઈ હાલાકી ન વેઠવી પડે.

જિલ્લા પંચાયત ગાંધીનગરના હિસાબી સંવર્ગના એકાઉન્ટન્ટ શ્રીમતી અંજનાબેન મહેશકુમાર રાવલ વયનિવૃત્ત થતા તેમનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં જિલ્લા હિસાબી અધિકારી શ્રી દેવાંગ પટેલે શુભેચ્છા પાઠવી હતી. શાખાના અન્ય અધિકારી-કર્મચારી વર્ગે પણ આ અવસરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રીમતી અંજનાબેનને સ્વસ્થ, દીર્ઘાયુ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. (તસવીર : દીપક જાની)

સે-પના પંચમુખી મહાદેવ મંદિરે તુલસી વિવાહ

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૫-એમાં આવેલા પંચમુખી મહાદેવના મંદિરે આજે તુલસી વિવાહનું આયોજન કરાયું છે. તુલસી વિવાહ નિમિત્તે વરઘોડો આજે રાત્રે ૮-૦૦ વાગે શ્રીમતી શારદાબેન કિશોરભાઈ પટેલના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૩૦૩/૨, સે-૫-એ ખાતેથી નિકળીને મંદિર પરિસરમાં પહોંચશે. સર્વે ભાવિક ભકતોને આ ધાર્મિક પ્રસંગનો લ્હાવો લેવા નિમંત્રણ અપાયું છે.

અવસાન નોંધ

ગાંધીનગર પાસેના વલાદ ખાતે રહેતા દિનુપ્રસાદ માધવલાલ જાની (નિવૃત્ત શિક્ષક)નું અવસાન તા. ૧૦ નવેમ્બર રવિવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૪ નવેમ્બર સવારે ૯ થી ૧૨ કલાકે કોટેશ્વર મહાદેવની વાડી, વલાદ ખાતે રાખેલ છે. દસમાનું બેસણું ૧૯ નવેમ્બર રોજ રાખેલ છે.

જલારામ સેવા સમાજ દ્વારા બે દિવસનો વીરપુર પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જલારામ સેવા સમાજ દ્વારા ધાર્મિક યાત્રા પ્રવાસનું તા. ૧૯મી નવેમ્બરના રોજ શ્રી જલારામ મંદિર સેકટર-૨૯માંથી ઉપડી ગણપતપુરા કોઠ- અરણેજ બુટભવાની મંદિર થઈ સારંગપુર હનુમાનજી મંદિરે, ચોટીલા, ગોંડલ, વિરપુર જલારામ બાપાના મંદિરે પહોંચશે.

યાત્રા પ્રવાસ બે દિવસનો રહેશે. ગોંડલ મુકામે રાત્રિ રોકાણ રહેશે. જેની બસ યાત્રાની ટિકિટ રૂા. ૫૦૦ જમા કરાવવાના રહેશે. જલારામ મંદિરમાં નોંધણી કરાવી શકાશે.

ઝડપથી વિકસતા આપણાં નગરમાં છાશવારે નાના-મોટા અકસ્માતો થયા કરે છે. ગઈકાલે સવારનાં સુમારે એક કાર અને એક ઓટોરિક્ષા વચ્ચે સેક્ટર-૧૬/૧૫નાં રસ્તા પર મામૂલી અકસ્માત થયો. અકસ્માત મામૂલી હતો પણ થોડીવારમાં જોનારાઓ ભેગા થઈ ગયા અને બંને ચાલકો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ અમુક સમજું વ્યક્તિઓની સમજાવટથી આખો મામલો થાળે પડી ગયો. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૬૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૧૦.૧૫,૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :
સત્યા-૨ : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૫
ક્રિશ -૩ : ૧૨.૦૦, ૬.૨૦

: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સત્યા -૨ : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૪૫
સત્યા-૨ : ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ, કલોલ

ક્રિશ -૩:૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- ખેલ મહાકુંભ ૨૦૧૩ની મશાલ રેલીનું પ્રસ્થાન કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

આપની આજ

મેષ : આર્થિક ક્ષેત્રોમાં ભાગ્યવર્ધક પ્રવૃત્તિઓમાં આવકમાં વૃદ્ધિ કરશે.વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

મિથુન : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો થશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : વ્યાપારિક ભાગીદારીમાં ચિંતન તથા પુનવિચાર કરવો યોગ્ય રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. પૂનમબેન હીરાજી ચૌહાણ (ઉ.વ. ૧૮) સેકટર-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીની બાજુના છાપરાં, ગાંધીનગર.
- સ્વ. જીતેન્દ્ર છેલશંકર વ્યાસ (ઉ.વ. ૬૦)પ્લોટ નં. ૩૪૩/૫, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. પોપટજી શકરાજી ઠાકોર (ઉ.વ. ૫૦) મુ.પો. ફતેહપુરા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. હરીરામ બંધુરામ વર્મા (ઉ.વ. ૭૦) ૧૨૯૪/૧, સેકટર-૫/એ, ગાંધીનગર.